**<u>સ્પે.દી.મુ.નં.૧૦૪/૨૦૧૭ ના કામે આંક–૧ નીચે હુકમ.</u>**

રેકર્ડ વંચાણે લેતાં, આ કામના વાદીએ પ્રતિવાદીઓ સામે રૂા.૨૦,૦૦,૦૦૦/–ના આંકથી બાનાખતનુ વિશેષ પાલન કરાવવા, દાવાવાળી મિલ્કતનો કબજો તથા મનાઇહુકમ મેળવવા આ દાવો તા.૨૮–૮–૨૦૧૪ ના રોજ મહે.નડીઆદના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં કરેલ જે સ્પે.દિ.મુ.નં.૧૪૩/૨૦૧૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યાર બાદ સદરહુ દાવો અત્રેની ખેડા કોર્ટમાં ટ્રાન્સફર થઇ આવતાં ઉપરોકત સ્પે.દિ.મુ.નં.૧૦૪/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. આ દાવામાં આંકઃ ૨૩ થી તા.૧૨–૭–૨૦૨૧ ના રોજ મુદૃા મુકરર કરવામાં આવેલ છે. ત્યારથી અત્યાર સુધી વાદી તરફથી પુરાવો રજુ થયેલ નથી. આ કામે વાદીને પુરાવો રજુ કરવા માંગ્યા મુજબ સમય આપવા છતાં વાદી તરફે વિ.વકીલશ્રી મારફતે વાદીને હાજર રહી પુરાવો રજુ કરવા સારૂ ફકત મુદત રિપોર્ટ રજુ કરેલ છે. આ કામે તા.૧૧–૯–૨૦૨૩ તથા તા.૨૦–૧૦–૨૦૨૩ ના રોજની વાદી તરફેના વિ.વકીલશ્રીએ હાજર રહી મુદત માંગતી આંક–૩૫,૩૬ થી રજુ અરજીઓ કરેલ જે છેલ્લી મુદત તરીકે મંજુર કરવામાં આવેલ છે. આજરોજ વાદી તથા તેમના વિ.વકીલશ્રીના વારંવાર પોકાર કરવા છતાં વાદી કે તેમના વિ.વકીલશ્રી હાજર નથી કે કોઇ મુદત રિપોર્ટ નથી. આમ પુરતી તકો આપવા છતાં વાદીશ્રી હાજર રહેતા ન હોઇ કે પુરાવો રજુ કરતા ન હોય વાદીને આ દાવો ચલાવવામાં કોઇ રસ ન હોવાનું જણાય છે. તે હકીકતે સી.પી.સી.ઓર્ડર–૯, રૂલ–૩ મુજબ વાદીની ગેર હાજરીના કારણે તથા પુરાવાના અભાવે વાદીનો દાવો ડિસમીસ ફોર ડિફોલ્ટ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા.૭મી,માહે ડીસેમ્બર, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૧૨/૨૦૨૩.
સ્થળ : ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ,
ખેડા.
[GJ01199]